ભાજપની જીતના પગલે કમલમ્ ખાતે વિજયોત્સવ

વડાપ્રધાનના નેતૃત્વ હેઠળ ભાજપાએ ફરી ઈતિહાસ રચ્યો, ભાગલાવાદી પરિબળોને જાકારો : સી.આર.પાટીલ, મુખ્યમંત્રીએ પણ કાર્યકરોને અભિનંદન આપ્યાં

આજે પાંચ રાજયો ઉત્તરપ્રદેશ, ગોવા, પંજાબ, ઉત્તરાખંડ તેમજ મણિપુરની વિધાનસભાની ચૂંટણીના પરિણામો જાહેર થયા છે જેમાં ચાર રાજયોમાં થયેલા ભાજપના ભવ્ય વિજયને પગલે કોબા ખાતે પાર્ટીના પ્રદેશ કાર્યાલય "શ્રી કમલમ્"માં વિજયોત્સવ ઉજવાયો હતો જેમાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ અને પ્રદેશ પ્રમુખ સી.આર.પાટીલ સહિત મંત્રીઓ, ધારાસભ્યો, પાર્ટીના હોદ્દેદારો અને કાર્યકરો મોટી સંખ્યામાં જોડાયાં હતા. ભવ્ય જીત બદલ પ્રદેશ અધ્યક્ષ સી.આર.પાટીલે અને રાજયના મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે ચારેય રાજયોના મતદારો અને ભારતીય જનતા પાર્ટીના દરેક કાર્યકર્તાઓને અભિનંદન પાઠવ્યા હતાં. દેશના વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદી, ગૃહમંત્રી અમિતભાઈ શાહ તથા રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી.નડ્ડાના માર્ગદર્શન હેઠળ ભાજપાએ ફરી ભવ્ય જીત મેળવી ઈતિહાસ રચ્યો હોવાનું સી.આર.પાટીલે જણાવ્યું હતું.

આ પ્રસંગે વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને યુપીના મુખ્યમંત્રી આદિત્યનાથ યોગીને અભિનંદન આપતાં સી.આર.પાટીલે જણાવ્યું કે, પાંચ રાજયોના વિધાનસભાના પરિણામ આજે આવ્યા છે જેમાં ચાર રાજયોમાં ભારતીય જનતા પાર્ટીનો ભગવો ફરી વધુ તાકાતથી લહેરાયો છે. વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીએ જે રીતે ગુજરાત સહિત ભારતમાં સામાન્ય લોકો માટે લાભદાયી યોજનાઓ બનાવી છે અને યુપીમાં મોદી-યોગીની જોડીએ કેન્દ્ર સરકાર અને યુપી સરકારે સામાન્ય માણસ માટે જે યોજનાઓ પ્રજા સમક્ષ મુકવાનો સફળ પ્રયત્ન કર્યો છે જેમાં ભારતીય જનતા પાર્ટીના કાર્યકર્તાઓની મહેનતને કારણે ફરી દેશના વડાપ્રધાન પર દેશની જનતાએ વિશ્વાસ મુક્યો છે અને ભવ્ય જીત અપાવી છે. યુપીમાં જે રીતે વિકાસના કામો કર્યા છે તે જોઈ ઉત્તર પ્રદેશમાં ફરી જનતાએ ભારતીય જનતા પાર્ટી પર વિશ્વાસ મુકી ઈતિહાસ રચ્યો છે. ચારેય રાજયોમાં ભાગલાવાદી પરિબળો ઘર ભેગા થઈ ગયા છે. આ સાથે સી.આર.પાટીલે ગુજરાતના જે કાર્યકર્તાઓ ચૂંટણી પ્રચાર અર્થે ગયા હતા આ ભવ્ય જીતમાં તેઓ પણ સહભાગી થયા છે તેમને પણ અભિનંદન પાઠવ્યા હતાં.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભુપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, "ભાજપે પાંચમાંથી ચાર રાજયોમાં ભવ્ય જીત મેળવી છે. ભારતીય જનતા પાર્ટીએ વડાપ્રધાન નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં જે રીતે લોક સેવાના કાર્યો કર્યા છે અને જનતાનો વિશ્વાસ ફરી મેળવ્યો છે". આ સાથે ભવ્ય વિજય માટે મુખ્યમંત્રીએ ભારતીય જનતા પાર્ટીના દરેક કાર્યકર્તાને અભિનંદન પાઠવ્યાં હતા. શ્રી કમલમ્ ખાતે વિજયોત્સવમાં પાર્ટીના હોદ્દેદારો-કાર્યકરોએ ફટાકડાં ફોડીને સુત્રચ્ચાર સાથે અને મહિલા કાર્યકરોએ ગરબાં રમીને ઉજવણી કરી હતી.

ખૂણેખાંચરેથી

- ગાંધીનગર જિલ્લાના દહેગામ ખાતે આજે ભાજપ તાલુકા-શહેર એકમે ઉત્તરપ્રદેશ સહિત ૪ રાજયોનો વિજયોત્સવ ભવ્ય આતશબાજી કરી મનાવ્યો હતો. આમ આદમી પાર્ટીના પણ કાર્યકરોએ પંજાબના વિજયને વધાવ્યો હતો.
- દહેગામ રેલવે ફાટકથી લવાડ રક્ષા શક્તિ યુનિ.ના માર્ગ પર વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમીત શાહનું ભાજપના કાર્યકરો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી ભવ્યાતિભવ્ય સ્વાગત કરશે.
- ગાંધીનગર શહેરના વિવિધ સેક્ટરોમાં છેલ્લા ચારેક દિવસથી કપિરાજો દ્વારા કરાઈ રહેલા તોફાનને લઈ નગરજનોમાં ભયની લાગણી પ્રસરી જવા પામી છે.
- આજે વિધાનસભા લોંજમાં પાંચ રાજયોની ચૂંટણીના પરિણામો ચર્ચાનો મુદ્દો હતા.
- ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજ સુધીમાં કોરોનાની ત્રીજી લ્હેરના ૪૩૦૦ જેટલા કેસો નોંધાયા છે.
- આજે પેથાપુર ખાતે ૩૦ જેટલા સફાઈ કર્મચારીઓનું મેડિકલ ચેક-અપ કરવામાં આવ્યુ હતુ. આ પૈકી ૧૯ કર્મચારીઓને કોરોના વેક્સિનનો બીજો ડોઝ તથા પ્રિકોશન ડોઝ પણ આપવામાં આવેલ.
- સે. ૨૧ સ્થિત કમલમ્માં આજે ચૂંટણીના પરિણામો સ્પષ્ટ થતાં કાર્યકરોને મોં મીઠું કરાવી ફટાકડા ફોડી વિજયને વધાવવામાં આવ્યો હતો.
- દહેગામ-સાંપા માર્ગ પર આવેલા ૪ જેટલા કોલ્ડસ્ટોરેજ ત્રણ દિવસ સુધી બંધ રહેશે.
- ગાંધીનગર શહેરમાં હવે ધીમે ધીમે ગરમીનો પ્રકોપ શરૂ થતાં બપોરના સમયે રસ્તાઓ સૂમસામ બની રહ્યા છે તેમજ 'ચા'ની કીટલીને બદલે રસના કોલા તરફ વળતા લોકો જણાયા છે.

હરિની દૃષ્ટિ...

- હરિન ભટ્ટ

ચિંતા ન કરો દેવી, ... મતગણના પુરી થઈ ગઈ છે એટલે દર્શનાર્થીઓની ભીડ નહી રહે... તેઓ બધા આરતી ઊતારવા જતા રહેશે...!!

દહેગામ ખાતે પણ વડાપ્રધાનનો રોડ શો યોજાય તેવી શક્યતા

વડાપ્રધાન લવાડ ખાતે રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં ઉપસ્થિત રહેશે : દહેગામ સહિતના વિસ્તારમાં તાત્કાલિક રોડનું નવીનીકરણ કરાયું અને ડીવાઈડરને રંગ રોગાન કરાયાં

ગાંધીનગર, તા.૧૦

આવતીકાલે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ગુજરાતના બે દિવસના પ્રવાસે આવી રહ્યાં છે જેમાં તેઓ શુક્રવારે દહેગામના લવાડ ખાતેની રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના પ્રથમ પદવીદાન સમારંભમાં ઉપસ્થિત રહીને વિદ્યાર્થીઓને પદવીઓ એનાયત કરશે. આજે જે રીતે પાંચ રાજયોની ચુંટણીના પરિણામોમાં ચાર રાજયોમાં ભાજપને જે રીતે ઐતિહાસિક જીત મળી છે તેને પગલે ભાજપમાં ચોતરફ અદમ્ય ઉત્સાહનો માહોલ છે અને ગુજરાતની આગામી વિધાનસભાની ચુંટણીઓને અનુલક્ષીને વડાપ્રધાન દહેગામ ખાતે પણ રોડ શો કરે તેવી શક્યતા જોવાઈ રહી છે. વડાપ્રધાનના આગમનના રૂટ પર ચાલી રહેલી તડામાર તૈયારીઓ પણ આ બાબતે ઈશારો કરી રહી છે.

ગાંધીનગર જિલ્લાના દહેગામ તાલુકામાં આવેલા લવાડ ખાતે આવેલી રાષ્ટ્રીય રક્ષા યુનિવર્સિટીના પદવીદાન સમારંભમાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી પધારી રહ્યાં છે જેને પગલે દહેગામ શહેર તેમજ લવાડ પંથકના રોડ રસ્તાઓનું નવિનીકરણ કરાઈ રહ્યું છે. વડાપ્રધાનના રૂટમાં આવતા દહેગામમાં રોડ વચ્ચેના ડિવાઈડર્સને પણ રંગરોગાન કરવામાં આવી રહ્યું છે. વડાપ્રધાનના આગમનના બે દિવસ અગાઉથી જ દહેગામ શહેરમાં રસ્તાઓની સાફ સફાઈ હાથ ધરવામાં આવી હતી અને રોડ પર કાર્પેટ પેવરીંગ કરીને તેને નવા નક્કોર જેવાં બનાવવામાં આવી રહ્યા છે. ટ્રાફિક સમસ્યા પણ નાબૂદ થયેલી જોવા મળી રહી છે. આ સાથે દહેગામમાં ઉચ્ચ અધિકારીઓની દોડધામ પણ વધી જવા પામી છે.

વડાપ્રધાનને આગમનને પગલે

ચાર મેડીકલ ટીમ સહિત બેઝ હોસ્પિટલ ઉભી કરાઈ

ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદી આવતીકાલથી બે દિવસ માટે રાજયની મુલાકાતે આવી રહ્યા છે. જેને પગલે ગાંધીનગર શહેરના માર્ગો, સચિવાલય, રાજભવન, સહિતના વિસ્તારમાં લોખંડી પોલીસ બંદોબસ્ત ગોઠવી દેવાયો છે. ત્યારે હજજારો પોલીસ કર્મચારીઓ ખડેપગે ફરજ બજાવશે. ત્યારે વહીવટીતંત્રના અધિકારી-કર્મચારીઓ પણ વિવિધ કામગીરીમાં લાગી ગયા છે. ત્યારે પ્રોટોકોલ મુજબ રાજભવન ખાતે રાત્રી રોકાણ કરશે તેવી સ્થિતિમાં વહીવટી તંત્ર સાથે આરોગ્ય તંત્ર પણ સતર્ક થઈ ગયું છે. વડાપ્રધાનને આગમને પગલે સિવિલ હોસ્પિટલમાં બેઝ હોસ્પિટલ ઉભી કરી દેવામાં આવી છે. જેમાં તમામ વિભાગના એચઓડી હાજર રહેશે. તે ઉપરાંત રોડ શો, કોન્વોયમાં પણ ગાંધીનગર મેડીકલ ટીમ એમ્બ્યુલન્સ સાથે તૈનાત રહેશે. જયારે વડાપ્રધાન જયાં મુલાકાત લેવાના છે તે તમામ સ્થળો પર નિષ્ણાંત તબિબો સાથેની મેડીકલ ટીમ સ્ટેન્ડ ટુ રાખવામાં આવી છે. ત્યારે ગાંધીનગર બેઝ હોસ્પિટલ ઉપરાંત ભાજપ પ્રદેશ કાર્યાલય કમલમ , રાજભવન, રક્ષાશકિત યુનિવર્સિટી અને કોન્વોય સહિત ચાર મેડીકલ ટીમ હાજર રહેશે.

સેક્ટર-૭ શાકમાર્કેટ પાસે ભજન ગાઈને પોતાનુ ગુજરાન ચલાવતુ વૃદ્ધ દંપત્તિ આકર્ષણનું કેન્દ્ર બની રહ્યુ છે. સુંદર અવાજમાં ''મારી હૂંડી સ્વીકારશો શામળીયા''થી લઈને વિવિધ ભજનો ગાતુ આ દંપત્તિ માઈક પણ પોતાની સાથે રાખે છે. માઈકમાં તે સુંદર ભજનો ગાઈને લોકોને આકર્ષે છે. કલાના કેટલાક કદરદાનો તેમને પૈસા આપીને મદદરૂપ પણ થઈ રહ્યા છે.

વિશ્વ સુખાકારી માટે અઘોર જનકલ્યાણ અખાડા દ્વારા પ્રાર્થના અર્ચના

વિશ્વ સુખાકારી માટે અઘોર જન કલ્યાણ અખાડા દ્વારા પ્રાર્થના અર્ચના કરવામાં આવી હતી. અમદાવાદ-ગાંધીનગર શહેરમાં વસવાટ કરતાં અઘોર જન કલ્યાણ અખાડા દ્વારા મધ્યપ્રદેશના ઉજ્જૈન ખાતે મહાકાલેશ્વર જયોતિર્લિંગ મંદિરમાં વિશ્વ શાંતિ અને દેશવાસીઓની સુખાકારી માટે મંગળ કામના કરી અને પૂજા અર્ચના કરવામાં આવી હતી પીઠાધીશ્વર બાબા બાપજીનાથે મહાકાલ મંદિરે શિવ (નવરાત્રી) પ્રસંગે પૂજા અને અનુષ્ઠાન કર્યા હતા. પંડિત નીમનીત ગુરુ, દિપક ગુરુ, મહાકાલેશ્વર મંદિરના પ્રશાસનના તમામ સભ્યો તથા દશનાર્થીઓએ પ્રાર્થના કરી પ્રસાદ લઈને ધન્યતા અનુભવી હતી.

શાહપુર પુલના છેડા પાસે અલ્ટો કાર પલ્ટી ખાઈ જતા બહેનનું મૃત્યુ

સરગાસણ મેકડોનાલ્ડમાં જમીને ભાઈ-બહેન ઘરે જઈ રહ્યા હતા તે સમયે અકસ્માત સર્જાયો, કારચાલક ભાઈનો આબાદ બચાવ

સરગાસણ મેકલડોનાલ્ડમાં જમીને ભાઈ-બહેન ઘરે કારમાં પરત જઈ રહ્યા હતા. ત્યારે ધોળાકુવા સાબરમતિ નદીના પુલના છેડે ગઈરાત્રે અલ્ટો કાર પલ્ટી ખાઈ ગઈ હતી. આ અકસ્માતમાં ૧૮ વર્ષિય બહેનનું ગંભીર ઈજાને પગલે સ્થળ પર જ મૃત્યું નિપજયું હતું.

ગાંધીનગર રાંદેસણ સત્યમેવ રીવેરા ફલેટ ખાતે રહેતા કુલવીર ભાટીયાએ નોંધાવેલી ફરીયાદ મુજબ તેમના ફલેટની નીચેના માળે ફલેટ નં.૨૦૨ ખાતે રાજેશ ભાટીયા પરિવાર સાથે નિવૃત જીવન ગુજારે છે. તેમના પરિવારમાં તેમની પત્ની કવિતાબેન, ૨૨ વર્ષિય દિકરો તનિષ્ક અને દિકરી સંજોલી (ઉં.૧૮) છે. ગઈકાલે રાત્રીના સમયે બંન્ને ભાઈ બહેન તેમની મિત્ર પાયુશની સાથે સરગાસણ ખાતે મેકડોનાલ્ડમાં જમવા માટે ગયા હતા. જયાં ભોજન બાદ પીયુશની પોતાના વાહનમાં ઘરે જવા માટે નીકળી ગઈ હતી. જયારે ભાઈ બહેન અલ્ટો કાર નં. જી.જે.૧૮. બી. એચ.-૪૨૭૨ માં ઘરે જવા માટે રવાના થયા હતા. તે સમયે કાર તનિષ્ક ચલાવી રહ્યો હતો. ત્યારે શાહપુર ગીફટ સીટી માર્ગ પર સાબરમતિ નદીના પુલના છેડે અચાનક કાર પરનો કાબુ ગુમાવતા કાર પલ્ટીઓ મારી જઈને રોડની બાજુમાં ઉતરી ગઈ હતી. અકસ્માતને પગલે નાગરીકો મોટીસંખ્યામાં એકઠા થઈ ગયા હતા અને બચાવ કામગીરી હાથ ધરી હતી.જયાં સંજોલીને શરીરે તેમજ માથાના ભાગે ગંભીર ઈજા પહોંચતા તેનું ઘટના સ્થળે જ મૃત્યુ થયુ હતું. બંને ભાઈ બહેનને એસએમવીએસ હોસ્પિટલ ખાતે લઈ જવાયા હતા.જયાં ફરજ પરના ડોકટરે સંજોલીને મરણ જાહેર કરી હતી. બનાવ અંગે ઈન્ફોસીટી પોલીસે ગુનો નોંધી આગળની તપાસ હાથ ધરી છે.

રૂપાલ ગામના ખેતરમાંથી ૨૪૦ કિલો એરંડાની ચોરી

ગાંધીનગર,તા.૧૦

ગાંધીનગરના રૂપાલ ગામની સીમમાં કરકરીયાવાળા ખેતરમાં બોરની બાજુના ખરામાંથી રૂ.૧૫ હજારની કિંમતના ૧૨ મણ ચોખ્ખા એરંડા કોઈ ચોર શખ્સ ચોરી કરી લઈ જતા પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

સુત્રો દ્વારા મળતી વિગત મુજબ રૂપાલ ગામે મોટો માઢ ટાપરાવાસ ખાતે રહેતા સુરેશભાઈ બેચરભાઈ પટેલ પોતાના પરિવાર સાથે રહીને ખેતીકામ કરે છે. ગત તા.૯ ના રોજ સાંજના આશરે સાડા છ વાગ્યાના સુમારે સુરેશભાઈ અને તેમના ભાભી દુધાળા પશુઓ હોવાથી આવ્યા હતા. તે સમેય બોર પર ખરામાં એરંડા ખુલ્લા પડ્યા હતા. ત્યારબાદ રાત્રીના સમયે બોર કુવા પર આવતા જોયુ તો ખરામાં એરંડા વેરણ છેરણ પડ્યા હતા. જેથી કોઈ ચોર શખ્સ એરંડાની ચોરી કરી લઈ ગયો હતો. જેથી આસપાસના ખેતરમાં એરંડા અંગે તપાસ કરતા તે મળી આવ્યા ન હતા. જેથી રૂ.૧૫ હજારના ૧૨ મણ (૨૪૦ કિલો) એરંડાની ચોરી કરી કોઈ ચોર શખ્સ ફરાર થઈ ગયો હતો. બનાવ અંગે પેથાપુર પોલીસ મથકે ફરીયાદ નોંધાવતા પોલીસે આગળની તપાસ હાથ ધરી છે. ઉલ્લેખનીય છે કે ગાંધીનગરમાં વાહનચોરી-ઘરફોડ ચોરીના બનાવો બનતા હોય છે. પરંતુ હવે ખેતરમાં રહેલો ખેડુતોનો પાક પણ સલામત રહ્યો નથી.

દેશભરમાં પાંચ રાજયોનાં પરિણામોએ દિવસભર તરખાટ મચાવ્યો હતો. આ પરિણામોમાં પંજાબ રાજયમાં આમ આદમી પાર્ટીએ સૌપ્રથમવાર સ્પષ્ટ બહુમતી સાથે ભવ્ય જીત મેળવી છે. ગાંધીનગરના સરગાસણ ચર રસ્તા ખાતેના કાર્યાલયે "આપ"ના કાર્યકર્તાઓ દ્વારા ફટાકડાં ફોડીને સુત્રોચ્ચાર સાથે પંજાબની જીતની ઉજવણી કરવામાં આવી હતી.

મહેસુલ વિભાગ
ગુજરાત સરકાર
સચિવાલય, ગાંધીનગર
તારીખ : ૨/૨/૨૦૨૨

(જમીન સંપાદન પુનઃસ્થાયન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ,૨૦૧૩ (૨૦૧૩નો ૩૦ મો) જિલ્લો ::– મહેસાણા
ક્રમાંક ::– અમ–મ–૨૦૨૨–૫૯–જમહ–૧૭૨૧–૨૦૫૭–ઘ

આ સાથે અનુસૂચિમાં દર્શાવવામાં આવેલ જમીનોની જાહેર હેતુ માટે એટલે કે, ''ઘરોઈ એકસટેન્ડેડ કમાન્ડની ભાવસોર પ્રશાખાની સાંકળ ૧૮૪૩ થી ૩૬૬૩ મી વચ્ચેની પ્રોજેકટ માટે જરૂરી પડવાનો સંભવ છે એવું ગુજરાત સરકારને જણાય છે.

તેથી (જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ,૨૦૧૩ (૨૦૧૩નો ૩૦ મો) (જેનો આમાં હવે પછી '' સદરહું અધિનિયમ'' તેમ ઉલ્લેખ કરવામાં આવેલ છે તે) ની કલમ–૨(૧) તથા તે અંગેના નિયમોથી મળેલ અધિકાર અન્વયે ગુજરાત સરકાર આથી ઉકત જમીનનો ઉપરોકત ઘરોઈ એકસટેન્ડેડ કમાન્ડની મહુડી પ્રશાખાની સાંકળ પ્રોજેકટના જાહેર હેતુ માટે કાયદાનુસાર સંપાદન કરવાનો ઈરાદો જાહેર કરે છે.

હવે જયારે ઉકત અનુસૂચિત જમીનમાં સૂચિત પ્રોજેકટ , ''ઘરોઈ એકસટેન્ડેડ કમાન્ડની ભાવસોર પ્રશાખાની સાંકળ ૧૮૪૩ થી ૩૬૬૩ મી વચ્ચે'' ની પ્રોજેકટના જાહેર હેતુ માટે જમીન સંપાદન માટેની દરખાસ્ત રજુ થયેલ છે, ત્યારે આ પ્રોજેકટ માટે સંપાદન કરવાની થતી ઉપરોકત ઓછામાં ઓછી જમીનનો અનુસૂચિ મુજબનો કુલવિસ્તાર ૩–૪૯–૬૬ હે.આરે.ચો.મી તે મહેસાણા જિલ્લાના હદમાં આવેલ છે.

હવે જયારે ઉકત માળખાકીય પ્રોજેકટ માટે સદરહું સંપાદન કરવાની થતી ક્ષેત્રફળ ૦૩–૪૯–૬૬ હે.આરે.ચો.મી. જમીનને સદરહું અધિનિયમના પ્રકરણ–૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાંથી મુકિત આપવાનું રાજય સરકારને જાહેર હિતમાં આવશ્યક જણાય છે.

તેથી સદરહું અધિનિયમની કલમ–૧૦ (એ) (જમીન સંપાદન પુનઃસ્થાપન અને પુર્નવસનમાં વ્યાજબી વળતર અને પારદર્શકતા અધિકાર અધિનિયમ ૨૦૧૩ (૨૦૧૬નો ગુજરાત અધિનિયમ–૧૨ મો)ની કલમ–૩થી દાખલ કરેલ) થી મળેલ અધિકારો અન્વયે, રાજય સરકાર આથી જાહેર હીતમાં ''ઘરોઈ એકસટેન્ડેડ કમાન્ડની ભાવસોર પ્રશાખાની સાંકળ ૧૮૪૩ થી ૩૬૬૩ મી વચ્ચે'' ની પ્રોજેકટ માટે સંપાદન કરવાની થતી નીચે જણાવેલ અનુસૂચિમાં સમાવિષ્ટ થયેલ ૦૩–૪૯–૬૬ હે.આરે.ચો.મી. જમીનને '' સદરહું અધિનિયમ'' ના પ્રકરણ–૨ અને ૩ની જોગવાઈઓની અમલવારીમાંથી મુકિત આપે છે.

અનુસૂચિ ગામ.લાડોલ – ૧ તા.વિજાપુર જી.મહેસાણા

અ.નં	સર્વે નંબર	સંપાદીત થતી જમીનનું ક્ષેત્રફળ
૧	૬૫૧૬	૦–૧૯–૦૩
૨	૬૫૧૭	૦–૧૩–૭૭
૩	૬૫૧૮	૦–૧૨–૦૫
૪	૬૫૧૯	૦–૧૧–૩૦
૫	૬૫૨૦	૦–૧૭–૦૧
૬	૬૫૨૧	૦–૦૫–૩૭
૭	૬૫૨૨	૦–૦૪–૬૦
૮	૬૫૨૩	૦–૦૯–૩૨
૯	૬૫૨૪	૦–૦૯–૯૨
૧૦	૬૫૨૫	૦–૦૯–૫૯
૧૧	૬૭૧૧	૦–૧૦–૧૪
૧૨	૬૭૧૭	૦–૨૨–૭૦
૧૩	૬૭૧૮	૦–૧૪–૬૦
૧૪	૬૭૨૭	૦–૧૧–૫૭
૧૫	૬૭૨૮	૦–૦૯–૪૩
૧૬	૬૭૨૪	૦–૦૯–૮૩
૧૭	૬૭૨૯	૦–૨૦–૯૯
૧૮	૬૭૩૦	૦–૨૦–૮૩
૧૯	૬૭૩૧	૦–૦૭–૨૮
૨૦	૬૭૩૬	૦–૦૬–૪૪
૨૧	૬૭૩૭	૦–૧૧–૧૭
૨૨	૬૭૪૦	૦–૦૪–૮૫
૨૩	૬૭૩૯	૦–૦૪–૯૫
૨૪	૬૭૪૧	૦–૦૯–૪૪
૨૫	૬૭૪૪	૦–૧૨–૫૭
૨૬	૬૭૪૫	૦–૦૩–૮૯
૨૭	૭૦૪૦	૦–૦૭–૩૧
૨૮	૭૦૪૧	૦–૦૯–૬૨
૨૯	૭૦૩૯	૦–૧૩–૦૪
૩૦	૭૨૯૨	૦–૦૮–૮૭
૩૧	૭૨૯૩	૦–૦૬–૪૩
૩૨	૭૦૩૫	૦–૦૮–૭૧
૩૩	૭૦૪૩	૦–૦૩–૦૪

ગુજરાતના રાજયપાલશ્રીના હુકમથી અને તેમના નામે
સહી
(એચ.જે. રાઠોડ)
સરકારના ઉપસચિવ
નામાનિ/હિંમત/૬૨૨/૨૦૨૨